# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

**પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**
**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**
**E-Mail- forum.pgvcl@gebmail.com**

**પીજીવીસીએલ/સીજીઆરએફ/૯/ક્વા-3/૧૯-૨૦/૭૭૭૫-૬** **તા.૨૭-૧૧-૧૯**

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ,**રાજકોટ**ના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- ૯/ક્વા-3/૧૯-૨૦

અરજદાર: **નીલકંઠ પોલીમર્સ** ગામ: હળવદ શહેર
રજૂઆત કરનાર: **અરજદાર વતી તેના પ્રતિનિધિ તરીકે રાજેશભાઈ પરસોતમભાઇ કૈલા હાજર રહેલ છે.**

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર : પીજીવીસીએલ વિભાગીય કચેરી – **હળવદ**
રજૂઆત કરનાર: કાર્યપાલક ઈજનેર શ્રી **એ.આર.કોરડીયા** પીજીવીસીએલ વિભાગીય કચેરી – **હળવદ**

## :: કોરમ ::

૧) ચેરપર્સન -શ્રી જે.બી. પારેખ
૨) મેમ્બર સ્વતંત્ર - શ્રીમતી કોકિલાબેન જે. મોટાણી

સુનાવણી સ્થળ: કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી, રાજકોટ
તારીખ: ૧૯-૧૧-૨૦૧૯ (મંગળવાર)

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૧૯-૧૧-૨૦૧૯ (મંગળવાર) ના રોજ રાખવામાં આવેલ હતી. જેમાં ઉપર મુજબ ના પક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ **અરજદાર નીલકંઠ પોલીમર્સ ગામ -હળવદ શહેર, તેઓની અરજીના નોંધણી નં: ૯/ક્વા-૩/૧૯-૨૦, માં જણાવે છે કે**, તેઓ ૬૦ કીવો નુ ઓર્દ્યોગીક વીજજોડાણ ધરાવતા હતા, જેમા તા.૦૩–૧૨–૧૮ ના રોજ મીટર બંધ થવા અંગે ની લેખીતમા હળવદ ટાઉન પેટા વિભાગીય કચેરી માં રજુઆત કર્યા બાદ – પુરવણીબીલ આપેલ – જે યોગ્યન લાગતા તા.૧૬–૦૧–૧૯ ના રોજ લેખીત પત્ર દ્રારા પેટા વિભાગીય કચેરી ને જાણકારી આપેલ, જે અન્વયે સંતોષકારક જવાબ મળેલ નથી. ત્યારબાદ, તા.૨૦–૦૮–૧૯ ના રોજ નિલકંઠ પોલીમર્સ ના ઘરનુ વીજજોડાણ દાદાગીરી થી કાપી નાખેલ, ત્યારબાદ – ૦૪ એડવાન્સ ચેક આપતા ઘરનુ વીજજોડાણ ચાલુ કરેલ. નિલકંઠ પોલીમર્સ નુ મીટર લેબોરેટરીમા ટેસ્ટીંગ થઈ ગયેલ હોવા છતા – રીપોર્ટ સબંધક કચેરીના નાયબ ઈજનેર દ્રારા અપાયેલ નથી. જેથી, અરજદારે ફેકટરીનુ વીજજોડાણ પુનઃચાલુ થવા અને ન્યાય મેળવવા માટે – **અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.**

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 અરજદાર ની રજૂઆત અન્વયે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે- હળવદ વિભાગીય કચેરીના તાબા હેઠળ આવતા હળવદ શહેર પેટા વિભાગીય કચેરીના ગ્રાહક શ્રી નીલકંઠ પોલીમર્સ ( C/oરાજેશભાઈ પી કૈલા ) દ્વારા તા ૦૩.૧૨.૨૦૧૮ ના રોજ આઉટપુટ સપ્લાય ચાલુ હોવા છતાં મીટર નો ડીસ્પ્લે બંધ થઇ ગયેલ છે તેવી રજૂઆત સાથે માહે નવે.૨૦૧૮ ના ઝીરો વપરાશ સાથેના બીલની કોપી જોડીને મીટર બદલાવાની અરજી કરવામાં આવેલ જે અન્વયે હળવદ શહેર પેટા વિભાગીય કચેરીના નાયબ ઈજનેર તથા મીટરટેસ્ટર અને ઈલે..આસી દ્વારા તા ૩૧.૧૨.૨૦૧૮ ના રોજ સદર ગ્રાહક ના પ્રતિનિધિની હાજરીમાં મીટર ની તપાસણી એકયુચેકમીટર વડે ડાયલ ટેસ્ટ લઇ ચેક કરતા Y Ph 0.004 તેમજ R Ph.અને B Ph. નો Currant 0.02 (Zero) હોવાનું ધ્યાનમાં આવેલ અને મીટરની એરર (ક્ષતિ)–99.89 આવેલ- જેના અનુસંધાને ચેકીંગ સીટ ન. MRC/HALDO/1425 DT.31.12.18 તથા મીટર ડિસ્પ્લે સીટ સ્થળ પર ભરવામાં આવેલ, ગ્રાહકની વપરાશ સીટ તથા મીટર ના MRI ડેટા ના અભ્યાસ પરથી SEP-17 થી સરેરાશ વપરાશમાં ઘટાડો થયો હોવાનું માલુમ પડતા પેટા વિભાગીય કચેરી દ્વારા SEP-2017 થી DEC-2018 સુધીના સમયગાળા માટે ૨૦૧૭ અગાઉના વર્ષની એટલે કે ૨૦૧૬ના 884 PRT રીપોર્ટ ઉપરથી સરેરાશ વપરાશ ૪૫૬૮ યુનીટના માસિક વપરાશને ધ્યાનમાં લઈને ગ્રાહકને રૂ.૪૩૧૮૯૧.૭૦ નુ પુરવણી બીલ કચેરીના જાવક નં. DE/HAL-T/REV/245/ DT.15.1.2019 થી આપવામાં આવેલ હતુ,

3.૧ ગ્રાહકશ્રી દ્વારા તા.૧૬.૦૧.૧૯ ના રોજ પુરવણીબીલ ટ્રાન્સફોર્મરના DT METER સાથે એવરેજ સાથે સરખાવીને ઘટતું કરવાની કાર્યવાહીની વિનંતી સાથે આ પુરવણીબીલ માન્ય ન હોવાનું (અયોગ્ય) હોવા બાબતે અરજી આપવામાં આવેલ, તે બાબતે તેઓની માહિતી અધિકાર અધિનિયમ ૨૦૦૫ અંતર્ગત અરજી અન્વયે તેઓને DT METER ના MRI DATA ની માહિતી પેટા વિભાગીય કચેરી દ્વારા DE/HAL-T/HR/1785/ DT.21.5.2019 થી આપવામાં આવેલ હતી.

3.૨ સદર ગ્રાહક્ નું વીજ જોડાણ તા.૨૫.૭.૨૦૧૯ કાયમી ધોરણે રદ કરી ડીપોઝીટની રકમ સ્લોનેસના પુરવણી બીલ સામે મજરે આપવાની અરજી અન્વયે ગ્રાહકની હાજરીમાં મીટરની ડિસપ્લે તેમજ ચેકીંગ સીટ ન.MRC/HALDO/૨૦૨૯/ DT-૨૫.૭.૧૯ ના રોજ ભરીને મીટર ઉતારવામાં આવેલ હતું, ત્યારબાદ સદર મીટરનુ ૩૧.૦૮.૧૯ના લેબ પરીક્ષણ બાદ MRI DATA ના આધારે બાકીના સમય માટે એટલે કે DEC-18 થી મીટર ઉતાર્યાની તારીખ સુધીનું વધારાનું JAN-19 થી JUL-19 સુધીનું સ્લોનેસનુ પુરવણી બીલ પેટા વિભાગીય કચેરીના જાવક નં. DE/HAL-T/REV/4355 DT.07.10.2019 ના રોજ રૂ.૨૫૪૦૩૦.૩૦ આપવામાં આવતા જે પુરવણી બીલ અગાઉના બીલની સાથે મળી કુલ રૂ.૬૮૫૯૨૬.૦૧ થયેલ હતું જે પૈકી ગ્રાહકશ્રી દ્વારા RECEIPT NO.471387 DT.12.09.19 RS.100000.00 ભરપાઈ કરેલ હતી- ઉપરાંત તેમની અરજીના આધારે ડિપોઝીટની રકમ RS.160302.00 મજરે લેતા ગ્રાહકને RS.425624.01 ભરવાના થાય છે.આ બાબતે ગ્રાહકને સ્લોનેસનુ પુરવણી બીલ ભરપાઈ કરવા પેટા વિભાગીય કચેરીના પત્ર નં. DE/HAL-T/HR/2776 DT.02.07.2019 થી જાણ કરવામાં આવેલ હતી.

3.3 કંપનીના નિયમ અનુસાર જાવકનં DE/HTSD/REV/3421 DT.29.07.2019ના રોજ પુરવણી બીલ ભરપાઈ કરવા 07 દિવસની 345 ની નોટીસ શ્રી નીલકંઠ પોલીમર્સના દરેક ભાગીદારોને રજી.એડીથી મોકલવામાં આવેલ હતી - તેમ છતાં પુરવણી બીલની રકમ ભરપાઈ ન થતા સપ્લાય કોડના નિયમ અનુસાર શ્રી નીલકંઠ પોલીમર્સના ભાગીદાર મુકેશભાઈ મગનભાઈ કૈલા તેમજ રાજેશભાઈ પરસોત્તમભાઈ કૈલા ના કનેક્શન કંપની લેણાની વસુલાત માટે જમાં ગેટ પાસ નં 7930 DT. 20.08.19 થી ડીસ કનેક્ટ કરવામાં આવેલ હતા જે તેઓની પોસ્ટ ડેટેડ 04 એડવાન્સ ચેક સાથે પુરવણી બીલ ની સામેં આપીને તા.૨૧.૦૮.૧૯ તેમની અરજીના અનુસંધાને કનેકશન ચાલુ કરી આપવામાં આવ્યા હતા

3.૪ મીટર પરિક્ષણ લેબ રિપોર્ટની નકલ ગ્રાહકશ્રીની અરજી અન્વયે તેમને મોકલી આપવામા આવેલ છે. આ બાબતે વિશેષમાં જણાવવાનું કે મીટર પરિક્ષણ લેબ રિપોર્ટ શહેર પેટા વિભાગીય કચેરી દ્વારા ભરવામાં આવેલ ચેકીંગ સીટ તથા એક્યુંચેક ટેસ્ટ સાથે સુસંગત છે. તેમજ કંપનીના નિયમ અનુસાર જ સઘળી કાર્યવાહી કરવામાં આવેલ છે.

## :: હુકમ ::

4.0 On the basis of both side representations,forum hereby concludes as under.

4.1 Applicant having electric connection in the Name of M/s NIlkanth Polymers at Halvad having contract demand 60 kw under LTMD tariff having consumer no.:25401/32436/7.

4.2 Tamper data does not show cummillative events for all the phases continuosly for entire period i.e. Sep-2017 to Jul-2019.

4.3 There is no record showing testing of DT Meter any time. Hence reading of DT Meter can't be considered as base parameter.

4.4 MRI Data doesnot support checking sheet accucheck test results i.e. 99.89% slowness of the meter is not continuously reflected in MRI Data for Sep-2017 to Jul-2019.

4.5 Allthough this being 60 kw LTMD connection, subdivision has failed to check the same at regular time interval as prescribed in supply code.

4.6 Possibility of entering insects like rat from entry and exit of cable inside SMC box is exclusive negligence on part of subdivision.

4.7 If meter is 99.89% slow, no consumption must be recorded in the meter for the period Sep-2017 to Dec-2018. Any how total 18762 units are recorded for the period Sep-2017 to Dec-2018. This clearly indicates that accucheck results can not be made applicable for entire period Sep-2017 to Jul-2019.

4.8 Inspite of 99.89% slowness detected in the Meter on 31-12-2018, subdivision has failed to replace the meter upto 25-07-2019 i.e. for 07 months. This is exclusive negligence on part of subdivision.

4.9 There is no provision in regulation to disconnect residential connections of partners for want of outstanding arrears of industrial connection; this act of subdivision officer is complete violation of regulation.

4.10 When consumer is exempted from excise duty for the period 11-APR-16 to 31-MAY-19, both supplementary bills have been issued considering 25% ED. This is quite negligence on part of subdivision.

4.11 Considering so many irreguralities on part of PGVCL, Forum hereby concludes that both supplementary bills issued on the basis of checking sheet Dtd:31-12-2018 & Dtd: 25-07-19 are erroneous from regulation view point.

4.12 After carefull study of the entire record, facts, statistics and supportive regulatory conditions - Forum hereby order to revise both supplementary bills on the basis of supplycode no. 6.33 "The licensee shall dispatch the test report to the consumer, to be received under acknowledgment, within 2 working days of the date of testing. In case of faulty meter, rectification for a maximum period of six months or from the date of last testing, whichever is shorter, on the basis of the test report, shall be adjusted in the subsequent bill."

4.13 On the basis of checking sheet Dtd:31-12-2018; PGVCL has issued supplementary bill for the period Sep-2017 to Dec-2018 for (73088-18762=54326) 54326 units on the basis of monthly average consumption of 4568 units for the year-2016 which include – energy charges, fule charges and electricity duty for total Rs. 4,31,891/70 which must be revised for previous 06 months prior to date of checking i.e. 31-12-2018. Revilsed bill must exclude 25% ED as consumer is exempted (period 11-APR-16 to 31-MAY-19) by Collector of E.D. Gandhinagar vide letter no. E/EX/NIU/SNR 15-04-16 / 5668 Dtd:21-02-2017.

4.14 On the basis of checking sheet Dtd:25-07-2019 supplementary bill is issued for the period Jan-2019 to Jul-2019 for (31976-22=31954) 31954 units on the basis of monthly average consumption of 4568 units for the year-2016 which include –

energy charges fule charges and electricity duty for total Rs. 2,54,034=30; which must be revised for previous 06 months prior to date of checking i.e. 25-07-2019. Revised bill must exclude 25% ED upto 31-05-2019 as consumer is exempted (period 11-APR-16 to 31-MAY-19) by Collector of E.D. Gandhinagar vide letter no. E/EX/NIU/SNR 15-04-16 / 5668 Dtd:21-02-2017).

4.15 Already paid amount against previous supplementary bill, may be adjusted aginst revised supplementary bill.

4.16 If consumer require reconnection; procedure for NPDC reconnection may be followed keeping amount of SD intact and / or updated as per present norms. If consumer is not willing for NPDC reconnection; amount of SD may be adjusted in revised supplementary bill for calculating total PDC arrears.

4.17 Disciplinary actions to be initiated against defaulter officers / employees for not checking LTMD connection of 60 kw at regular time interval, not updating ideal installation to avoid entry of insects like rat from both sides of SMC, not replacing 99.89% slowmeter immediately after date of checking i.e. Dt. 31-12-2018 upto date of NPDC i.e. Dt:25-07-19 – approximately for 07 months and also to disconnect residential connections of both partners i.e. violation of regulation.

4.18 Order to be implemented immediately under intimation to CGRF.

4.19 With this order, representation/Application stands disposed of.

| | |
|---|---|
| (કે. જે. મોટાણી) | (જે.બી.પારેખ) |
| સભ્ય (સ્વતંત્ર) | ચેરપર્સન |

નોંધ:

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન 30 માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ સાથે વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો’ ૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(૩) લોકપાલ નું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯